# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# નહેમ્યાહની મોટી દિવાલ


લેખક : Edward Hughes

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

સુચરિત્ર કરનાર : Jonathan Hay

અનુકૂલન : Mary-Anne S.



60 વાર્તા 35

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati

ઈરાન એક શક્તિશાળી રાજ્ય હતું. જેણે આખી દુનિયા પર રાજ કર્યું. જે રાજા રાજ કરતો હતો તેનું નામ હતું આર્તાહશાસ્તા. જે દુનિયાનો સૌથી શક્તિશાળી રાજા હતો. આ રાજાના મદદનીશોમાંનો એક જેનું નામ નહેમ્યાહ હતું તે યહૂદી વ્યક્તિ હતો. તેનું પાત્રવાહકનું કામ હતું. એટલે કે રજાનું દરેક ભોજન તેણે જાતે ચાખવાનું હતું. જેથી કોઈ રાજાને ઝેર આપી મારી ન નાંખે.



1

એક દિવસ નહેમ્યાહ રાજાની સંમુખ આવ્યો ત્યારે નહેમ્યાહનું મોં નિરાશ પડી ગયું હતું. રાજા જાણવા માંગતો હતો કે શું ખરાબ બન્યું છે. “રાજાજી તમે સદાકાલ જીવો” નહેમ્યાહે જવાબ દીધો, “હું નિરાશ છું કારણ કે મારા બાપદાદાઓને જ્યાં દફનાવવામાં આવ્યા છે તે શહેર ખંડેર બની ગયું છે. અને તેના નગરના દરવાજાને ઘણા વર્ષો પહેલાના યુદ્ધને કારણે બાળી નાંખવામાં આવ્યા છે.”



2


આર્તાહશાસ્તા રાજાએ તેને પૂછ્યું “તો તું એ માટે શું કરવા માંગે છે?”
“મને યરૂશાલેમ જઈને તેને ફરી બાંધવા દો.” નહેમ્યાહે વિનંતી કરી.
આર્તાહશાસ્તા રાજા વિનમ્રતાથી સંમત થયો. તેણે નહેમ્યાહને રાજવી
પત્રો લખી આપ્યા. જેથી મુસાફરીમાં તેને કોઈ અળચણ આવે નહીં.
3


તે ઉપરાંત રાજાએ ઉપરવટ જઈને બીજી પણ મદદ કરી.
તેણે નહેમ્યાહને આસાફને લખેલા પત્રો આપ્યા કે જે વ્યક્તિ
જંગલોનો રખેવાળ હતો. આસાફને હુકમ આપવામાં
આવ્યો હતો કે નહેમ્યાહને જોઈતા સઘળા લાકડાં આપવામાં
આવે જેથી તે નગરની દિવાલ બનાવી શકે.
4


નહેમ્યાહ યરૂશાલેમ નગરમાં જઈ ચઢ્યો, તેણે નગરના સઘળા વડિલોને
બોલાવ્યા અને કહ્યું, “આપણે સંકટમાં આવી પહોંચ્યા છીએ. આપણું
શહેર ખંડેર બની ગયું છે. અને દરવાજાઓ બાળી નાંખવામાં
આવ્યા છે. ચાલો તેને બાંધવાની શરૂઆત કરીએ.”
5


આર્તાહશાસ્તા રાજાએ આ માટે પરવાનગી આપેલી છે અને તે કરતાં
ઉપરાંત મહત્વની બાબત એ છે કે ઈશ્વર આપણી તરફેણમાં છે.
6


નહેમ્યાહના વિશ્વાસ અને તેના જુસ્સાએ લોકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હશે.
તેઓ સંમત થયા, કહેવા લાગ્યા કે, “ચાલો આપણે તેને બનાવીએ.”
નહેમ્યાહે દરેક કુટુંબને દિવાલનો અમૂક ભાગ નક્કી કરી આપ્યો કે તેમણે
કઈ જગ્યા બાંધવાની છે.
7


પણ દરેક વ્યક્તિઓ આ દિવાલ બનાવવામાં સંમત થયા નહીં! એક
વ્યક્તિ જેનું નામ શાનબલાટ હતુ ંઅને તેના બે મિત્રો ટોબીયા અને ગેશેમ
જેઓ યહૂદીઓ ન હતા તેઓ દિવાલ
બાંધવામાં તથા દરવાજા
મૂકવામાં આવે તેવું
ઈચ્છતા ન હતાં.
8


જ્યારે કામની શરૂઆત કરવામાં આવી ત્યારે શાનબલાટ ખૂબ જ ગુસ્સે થયો. તેણે તથા તેના મિત્રોએ આ યહૂદી લોકોની મશ્કરી કરી. ટોબિયાહે કહ્યું કે જ્યારે આ લોકો પોતાની દિવાલો પૂરી કરશે અને તેનાં પર શિયાળ ચઢશે તો પણ એ દિવાલ ધરાશયી પડશે. નહેમ્યાહે કોઈ જવાબ ન આપ્યો. તેના બદલે તેણે પ્રાર્થના કરી તે
ઈશ્વર તેમની સાથે વ્યવહાર કરશે.
9


તેઓની મશ્કરીથી કાંઈ કામ ન ચાલ્યું ત્યારે તેઓ એકત્ર થઈને યરૂશાલેમની વિરૂદ્ધ લડવા માટે તથા ભંગાણ પડાવવા માટે કાવતરું ઘડ્યું. જેથી તેઓ બનતી બધી તકલીફો આપી શકે. ફરી નહેમ્યાહે ઈશ્વરને મદદ માટે પ્રાર્થના કરી. તે રાત દિવસ રખેવાળો મૂક્યા જેથી કોઈ પણ વ્યક્તિ તે ચકીત કરીને હુમલો ન કરી જાય.
10


આ યહૂદી લોકોએ ખૂબ જ મહેનત કરીને હવે તેઓ થાકી જવા લાગ્યા. તેઓને બીક લાગવા લાગી કે જ્યારે તેઓ બાંધકામ કરી રહ્યા છે ત્યારે તેમના દુશ્મનો આવીને તેમને મારી ન નાંખે. છતાં પણ નહેમ્યાહે આ કાર્ય બંધ રાખ્યું નહિં. તેણે ચોકીદારો નીમ્યા જેથી તેઓ બાંધકામ કરનારની સાથે રહી શકે અને નહેમ્યાહે તેઓને યાદ દેવડાવ્યું કે તેમની સાથે રહેલો ઈશ્વર તેમના દુશ્મનો કરતા વધુ શક્તિશાળી છે.
11


નહેમ્યાહે સારો નમૂનો પૂરો પાડવા માટે ખૂબ જ કોશિસ કરી. આર્તાહશાસ્તા રાજાએ નહેમ્યાહને સૂબો બનાવ્યો અને તેને અધિકાર આપ્યો કે તે તેમના લોકો પાસેથી કર ઉઘરાવે જેથી તેઓ તેને ખોરાક અને નાણાં પૂરા પાડે.
12


પણ તેણે એવું કર્યું નહિ. તેણે લોકોની સાથે મળીને કામ કર્યું. તેણેપોતાના ખોરાક માટે પોતાના પૈસાથી ખરીદી કરી.
13


આખરે દિવાલને પૂરી કરવામાં આવી. ફક્ત બારણા અને મુખ્ય દરવાજાઓ મૂકવાના બાકી રહ્યાં હતાં. જ્યારે શાનબલાટે, ટોબિયાહે અને ગેશેમે તે સાંભળ્યું કે દિવાલમાં કોઈપણ ખાલી જગ્યા રહી નથી. ત્યારે તેમણે નહેમ્યાહને નુકશાન પહોંચાડવાની કોશિશ કરી.
14













નહેમ્યાહની મોટી દિવાલ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નહેમ્યાહ

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.